For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

■ હાઈવેના માર્ગો પર ટ્રાન્સપોર્ટેશન સહિતના વાહનચાલકોને હાલાકી ■ સ્ટેડિયમ બહાર પાર્કિંગ સહિતના આયોજનમાં અંધાધૂંધી સર્જાવાના એંધાણ

# આજે ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે રમાનારી વન-ડે પોલીસ માટે પડકારરૂપ

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

વડોદરા નજીક કોટંબી ખાતે બરોડા ક્રિકેટ એસોસિએશનના સ્ટેડિયમ ખાતે આજે ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે વન-ડે ક્રિકેટ મેચ રમાશે વહેલી સવારથી જ ક્રિકેટ પ્રેમીઓની એન્ટ્રી શરૂ થઈ જશે. તો બીજી તરફ હાઈવેના માર્ગો પરથી દરરોજ પસાર થતાં ટ્રાન્સપોર્ટેશનના વાહનો સહિતના રાબેતા મુજબ કામ ધંધે વ્યાપાર અર્થે જતા અન્ય વાહન ચાલકોને પણ ભારે હાલાકી વેઠવી પડશે. જ્યારે સ્ટેડિયમ ખાતે આ વખતે વર્ષો બાદ મોટી ક્રિકેટ મેચ રમનાર હોય વડોદરા શહેર જિલ્લા અને રાજ્ય બહારથી પણ ક્રિકેટ પ્રેમીઓ આવશે. જેને પગલે પાર્કિંગ સહિતના આયોજનમાં પણ અંધાધુંધી સર્જાય તે વાતને પણ નકારી શકાય તેમ નથી.

લાંબા વર્ષોના અંતરાલ બાદ બરોડા ક્રિકેટ એસોસિએશનને ભારત ન્યુઝીલેન્ડ વચ્ચેની ઓડીઆઈ ક્રિકેટ મેચ મળી છે. જે આજે રવિવારે 11 જાન્યુઆરીએ કોટંબી ખાતે બીસીએના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાશે. જોકે આ વખતે વડોદરાના મોટાભાગના ક્રિકેટ પ્રેમીઓ મોબાઈલ પર અને પોતાના ઘરે ટીવી પર મેચ જોઈ આનંદ માણશે. કારણકે જ્યારે ક્રિકેટ મેચની બુકિંગ માટે ઓનલાઈન પ્લેટફોર્મ શરૂ થયું તેની ગણતરીની મિનિટમાજ ટિકિટ સતત બે દિવસ સુધી સોલ્ડ આઉટ દર્શાવી હતી. જેથી ક્રિકેટ પ્રેમીઓમાં બરોડા ક્રિકેટ એસોસિએશનના અણગઢ આયોજનને પગલે રોષ જોવા મળ્યો હતો. જ્યારે બીજી તરફ બરોડા ક્રિકેટ એસોસિયેશનના ઈતિહાસમાં સર્વપ્રથમ વખત બીસીએના સભ્યોને પણ લાઈનમાં ઊભા રહી ટિકિટ મેળવવાની ફરજ પડી હતી. જેને પગલે કેટલાક સભ્યોમાં છૂપો રોષ પણ જોવા મળ્યો હતો. આજે યોજાનારી મેચને લઈને સવારે 9:00 કલાકથી જ એન્ટ્રી શરૂ કરવામાં આવનાર છે. બપોરે 1:30 કલાકે મેક્સ શરૂ થાય તે પૂર્વે સ્ટેડિયમ ગીચોગીચ ભરાઈ જશે. જ્યારે મેચ શરૂ થતાં પહેલાં સ્ટેડિયમ બહાર પાર્કિંગ સહિતની વ્યવસ્થાના આયોજનમાં અંધાધૂંધી સર્જાવાની શકયતા રહેલી છે.



## બંને ટીમના ખેલાડીઓએ પ્રેક્ટિસ કરી

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે સિરીઝની પ્રથમ વન ડે ઇન્ટરનેશનલ મેચ રમાશે. તે પૂર્વે ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન, રોહિત શર્મા, શ્રેયસ ઐયર, રિષભ પંત, કે. એલ. રાહુલ અને રવીન્દ્ર જાડેજા સહિત ન્યૂઝીલેન્ડના ના ક્રિકેટરોએ પણ નેટ પ્રેક્ટિસ કરી હતી. જ્યારે, બીજી તરફ ન્યુઝીલેન્ડના ક્રિકેટર્સ સવારે હોટલમાંથી બહાર નીકળીને વડોદરાના રસ્તાઓ પર ચાલતા જોવા મળ્યા હતા અને નાસ્તો કરવા માટે કાફેમાં ગયા હતા. રસ્તા પર ન્યૂઝીલેન્ડના ખેલાડીઓને જોઈને લોકો પણ આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા.

## નેટ પ્રેક્ટિસ વખતે સ્વીપ શોટ મારવા જતા રિષભ પંત ઈજાગ્રસ્ત

ભારત ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાનારી મેચ પૂર્વે ક્રિકેટરોએ કોટંબી સ્ટેડિયમ ખાતે નેટ પ્રેક્ટિસ કરી હતી. જેમાં સ્વીટ શોર્ટ મારતા સમયે ક્રિકેટર રિષભ પંતના સ્નાયુ ખેંચાઈ ગયા હતા જેના કારણે તેને ઈજા થતા મેદાનમાં ઢળી પડ્યો હતો. રિષભ પંત ભારતીય ક્રિકેટ ટીમનો વિકેટકીપર- બેટર છે. ઇન્જરી થતાની સાથે જ રીષભ પંતે પ્રેક્ટિસ બંધ કરવી પડી હતી અને મેદાન છોડવુ પડ્યું હતું. તાત્કાલિક તેને વડોદરા શહેરની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો.







## શહેર પોલીસ ટ્રાફિકના સમસ્યા ન સર્જાય તેની તકેદારી રાખવા સજ્જ

ઇન્ડિયા અને ન્યુઝીલેન્ડ વચ્ચે યોજાનારી ક્રિકેટ મેચને લઇને વડોદરા શહેર પોલીસે ગ્રામ્ય પોલીસ સાથે સંકલન કરીને એક ડિટેલ્ડ સિક્યુરિટી પ્લાન તૈયાર કરાયો છે. રોડ પરના અમદાવાદ સુરત ભરૂચ તથા વડોદરા શહેર તરફથી જનારા ટ્રાફિકનાં આયોજન માટે ટ્રાફિક ન સર્જાય તેના માટે તકેદારી રખાશે. ઉપરાંત દુમાડ, ગોલ્ડન, કપુરાઇ જામ્બુઆ તથાઆજવા ચોકડી ખુલ્લી રહી તેના માટે પ્રયાસ કરાયા છે. હાઇવે ઓથોરિટી, પાલિકાના અધિકારીઓ સાથે સંકલન કરાયું છે. ટ્રાફિક તથા સ્થાનિક પોલીસના ડીસીપી, એસીપી, પીઆઇ તથા કર્મચારીઓ બંદોબસ્તમાં તૈનાત રહેશે. ટીકીટો હોય તો વહેલી નીકળી યોગ્ય રીતે વાહનપાર્ક કરીને તમારા નક્કી કરેલા સ્થળ પર સમયસર પહોંચી જાવ. સંકલનથી આગળ વધવાના લક્ષ રાખવા માટે પણ અપીલ કરાઇ છે. શહેરના સંવેદનશી તથા અતિસંવેદનશીલ વિસ્તારમાં પોલીસ તૈનાત રહેશે. શાતિપૂર્ણ માહોલમાં મેચના ઉત્સાહને માણવા માટે આહવાન કરાયું છે.

**- નરસિમ્હા કોમાર,** પોલીસ કમિશનર વડોદરા શહેર

આગામી એક બે વર્ષ સ્કૂલ ચલાવવા વાલીઓની શાળા સંચાલકો સમક્ષ માંગણી

# ટ્રી હાઉસ સ્કૂલ અચાનક બંધ કરવાના નિર્ણયથી વાલીઓ ચિંતિત : બીજે એડમિશન હાઉસ ફૂલ

**નર્સરીથી** ધો.7 સુધી 242 વિદ્યાર્થીઓનું ભાવિ જોખમમાં

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

અટલાદરામાં આવેલી ટ્રી હાઉસ સ્કુલને અચાનક બંધ કરવાની મેનેજમેન્ટ દ્વારા જાહેરાત કરવામાં આવતા વાલીઓમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. નર્સરીથી ધોરણ સાત સુધી 242 જેટલા વિદ્યાર્થીઓના અભ્યાસ ઉપર અસર વર્તાશે. ત્યારે વાલીઓએ વિસ્તારના નગરસેવકોને બોલાવી સ્કૂલને આગામી એક વર્ષ સુધી ચલાવવા માંગણી કરી હતી.

વડોદરાના અટલાદરા વિસ્તારમાં આવેલી ટ્રી હાઉસ સ્કૂલના સંચાલકો સામે લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ બાદ સીબીએસઈ દ્વારા આ સ્કૂલની માન્યતા રદ કરવામાં આવી હતી. સ્કૂલ સંચાલકો પર સીબીએસઈને વિશ્વાસમાં લીધા વગર શાળાની મિલકત વેચાણ કરવાની કે એગ્રીમેન્ટ કરવાની કાર્યવાહી કરવાનો પણ આરોપ મુકાયો હતો. ત્યારે હવે આ ઘટનાને પગલે હાલમાં શાળામાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓની ચિંતા વધારી છે. સ્કૂલ દ્વારા કરાયેલા ઓર્ડરમાં બોર્ડે કહ્યું હતું કે ધોરણ 9 અને 11ના વિદ્યાર્થીઓને નજીકની સીબીએસઈ સ્કૂલમાં શિફ્ટ કરવામાં આવે. જ્યારે ધોરણ 10 અને 12 ના વિદ્યાર્થીઓ વર્ષ 2024 25 ના શૈક્ષણિક વર્ષ માટે સ્કૂલમાં હાજર રહી શકશે. સ્કૂલ બોર્ડની સાથે ફરી જોડાણ માટે નિયમોનું પાલન કરીને અરજી કરી શકશે. પરંતુ, આ ઓર્ડરમાં ધોરણ એક થી આઠ નો કોઈ ઉલ્લેખ ન હોવાથી વાલીઓ શાળા અને ડીઈઓ કચેરીના ધક્કા ખાવા મજબૂર બન્યા હતા. તેવામાં આજે વાલીઓને સ્કૂલ ખાતે બોલાવાયા હતા અને અચાનક સ્કૂલ બંધ કરવાની મેનેજમેન્ટએ જાહેરાત કરતા વાલીઓએ હોબાળો મચાવ્યો હતો. હાલમાં નર્સરી થી ધોરણ સાત સુધી 242 જેટલા વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ કરે છે. વાલીઓએ જણાવ્યું કે, પહેલા અમને એવું જણાવવામાં આવ્યું કે પ્રિન્સિપાલ સાથે મીટીંગ છે, એના પછી અમને પેપર ચેકીંગ માટેનું હતું. આવું પ્રથમ વખત બોલાવ્યા, બાકી દર વખતે પેપર બતાવે, ત્યારે જ કહેવામાં આવે તો કે મીટીંગ થઈ ગઈ. કાલ ઊઠીને તમે રોલ ઓવર કરીને ફોર્મ ભરાવો છો, 1હજાર રૂપિયા પે કરાવો છો, તો હવે અચાનક આવા નિયમ લાવે ડિસિઝન લે તો અમે જઈએ ક્યાં? બીજી બધી જગ્યાએ ગયા તો એડમિશન ફુલ છે. જોકે આગામી 17મી તારીખના રોજ ટ્રી હાઉસ સ્કુલના મહારાષ્ટ્ર ખાતે રહેતા માલિક દ્વારા આ મામલે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં યોગ્ય નિર્ણય લેવાશે.



## બાળકોના હિતમાં ભેગા થઈ કાર્યવાહી કરીશું

અમે ધારાસભ્યને પણ વાત કરી છે. એમણે ડીઇઓ કચેરીમાં પણ વાત કરી છે અને શાળાના જે સંચાલકો છે એમના જે મૂળ માલિક છે. એ મુંબઇ નિવાસ કરે છે એમણે 17મી તારીખે તાત્કાલિક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ શાળા બંધ થવી ન જોઈએ. એકાદ બે વર્ષ ચાલે શાળા જેથી કરીને જે અહીંયા ભણનારા વિદ્યાર્થીઓ છે એમને આગળ એડમિશન બીજી કોઈ શાળાઓમાં ન થાય ત્યાં સુધી આ શાળા ચોક્કસ પણે ચલાવી જોઈએ એવું માનવું છે. જે પણ બાળકોના હિતમાં કાર્યવાહી કરવાની થશે અમે ભેગા મળીને એના માટે કરીશું.

**- ઉમંગ બ્રહ્મભટ્ટ,** કાઉન્સિલર

નેશનલ હાઈવે-48 પર ઉતરાયણ પહેલાં બુટલેગરોને મોટો ઝટકો

# ખાલી કન્ટેનરની અંદર દારૂનો ખજાનો! ચોરખાનું ખુલતાં જ PCBના જવાન પણ ચોંકી ઉઠ્યા

**રૂ.33.74** લાખનો વિદેશી દારૂ ઝડપી, કુલ રૂ.48.79 લાખનો મુદ્દામાલ કબ્જે

(પ્રતિનિધિ) વડોદરા તા. 10

ઉતરાયણના તહેવારને લઈને બુટલેગરો દારૂની હેરાફેરીમાં સક્રિય બન્યા છે, ત્યારે પીસીબી પોલીસે તેમની તમામ ચાલાકી પર પાણી ફેરવી દીધું છે. નેશનલ હાઈવે-48 પર આવેલી કોમ્ફર્ટ ઈન હોટલ અને નાયરા પેટ્રોલ પંપ વચ્ચેના ટ્રક પાર્કિંગમાં પીસીબીએ એક આઈસર કન્ટેનર પર રેડ કરી હતી. કન્ટેનર ખોલતાં તે સંપૂર્ણ ખાલી દેખાતું હતું, પરંતુ આગળ જે ખુલાસો થયો તે પોલીસ માટે પણ ચોંકાવનારો રહ્યો.

પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે 9 જાન્યુઆરીએ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. કન્ટેનરમાં બેઠેલા ચાલક રમેશકુમાર ઉર્ફે કાલુરામ ખીચડને નીચે ઉતારી તપાસ કરવામાં આવી. પાછળનો દરવાજો ખોલતા અંદર કશું જ ન હોવાનું જણાતાં એક ક્ષણ માટે બધાને આશ્ચર્ય થયું, પરંતુ પીસીબીની ટીમને પોતાની બાતમી પર પૂરો વિશ્વાસ હતો. કડક પૂછપરછ બાદ ચાલકે કન્ટેનરમાં જ બનાવેલું ગુપ્ત ચોરખાનું ખોલતાં દારૂની પેટીઓ દેખાઈ અને પોલીસ સ્ટાફ પણ દંગ રહી ગયો. ચોરખાનામાંથી વિદેશી દારૂની મોટી માત્રા બહાર કાઢવામાં આવી, જેની કિંમત રૂ.33.74 લાખ હોવાનું બહાર આવ્યું. કન્ટેનર, મોબાઈલ અને રોકડ રકમ સાથે કુલ રૂ.48.79 લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. પૂછપરછમાં ચાલકે ખુલાસો કર્યો કે દારૂનો જથ્થો લુધિયાણાથી લાવવામાં આવ્યો હતો અને નેશનલ હાઈવે મારફતે ખેડા પહોંચાડવાનો પ્લાન હતો. દારૂ સપ્લાય કરનાર ફીજી નામના શખ્સને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. ઉતરાયણ પહેલા પીસીબીની આ કાર્યવાહીથી બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે.



તસ્કરો અને સિક્યુરિટી સ્ટાફ વચ્ચે ઘર્ષણ સર્જાતા પરિસ્થિતિ તંગ બની

# MGVCLની કચેરીમાં ચોરીનો પ્રયાસ : આત્મરક્ષા માટે ગનમેને ફાયરિંગ કરતા એક ચોર ઘાયલ,બે ઝડપાયા

**મોડી રાત્રે** ચાર જેટલા તસ્કરો કરજણ સ્થિત એમજીવીસીએલના જેટકો સબ સ્ટેશનની દીવાલ કૂદી અંદર પ્રવેશ્યા

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

કરજણ તાલુકામાં આવેલી MGVCLની કચેરી ખાતે ગત રાત્રીએ કેબલ ચોરીનો પ્રયાસ નિષ્ફળ ગયો હતો. ચોરીના પ્રયાસ દરમિયાન તસ્કરો અને સિક્યુરિટી સ્ટાફ વચ્ચે ઘર્ષણ સર્જાતા પરિસ્થિતિ તંગ બની હતી. તસ્કરોએ પથ્થરમારો કરતા ફરજ પર હાજર સિક્યુરિટી જવાને આત્મરક્ષામાં ફાયરિંગ કરવું પડ્યું હતું, જેમાં એક તસ્કર ઘાયલ થયો હતો. જ્યારે બે તસ્કરોને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા.



મોડી રાત્રે આશરે ચાર જેટલા તસ્કરો કરજણ સ્થિત એમજીવીસીએલના જેટકો સબ સ્ટેશનની દીવાલ કૂદી અંદર પ્રવેશ્યા હતા. કેબલ ચોરી કરવાનો પ્રયાસ કરતા તસ્કરો પર સિક્યુરિટી સ્ટાફની નજર પડતા તેમને અટકાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન તસ્કરોએ સિક્યુરિટી કર્મચારીઓ પર પથ્થરમારો શરૂ કરી દીધો હતો. જેના કારણે ઘટના સ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

પરિસ્થિતિ વધુ વણસે નહીં તે માટે અને પોતાની સુરક્ષા માટે ફરજ પર હાજર સિક્યુરિટી ગનમેને ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગ દરમિયાન એક તસ્કરના ડાબા હાથમાં ગોળી વાગતા તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. ઘટનાસ્થળે હાજર સિક્યુરિટી સ્ટાફે તરત જ કાર્યવાહી કરી બે તસ્કરોને પકડી પાડ્યા હતા. જ્યારે એક અન્ય તસ્કર અંધારાનો લાભ લઈ ફરાર થવામાં સફળ રહ્યો હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે.

બનાવની જાણ થતા જ કરજણ પોલીસ મથકના પીઆઈ એ.કે. ભરવાડ પોતાની ટીમ સાથે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પોલીસે સ્થળની તપાસ હાથ ધરી હતી અને છુપાઈને બેઠેલા એક અન્ય તસ્કરને પણ દબોચી લેવામાં આવ્યો હતો. ઘાયલ તસ્કરને સારવાર અર્થે વડોદરાની એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેની સારવાર ચાલુ છે.

પોલીસે પકડાયેલા બંને તસ્કરોની પૂછપરછ શરૂ કરી છે. તેમની પાસેથી અગાઉ થયેલી અન્ય ચોરીની ઘટનાઓ અંગે મહત્વની માહિતી મળવાની શક્યતા છે. સાથે જ ફરાર તસ્કરની શોધખોળ માટે પોલીસ દ્વારા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. સમગ્ર ઘટનાને લઈને પોલીસ વધુ તપાસ કરી રહી છે.

શનિવારે સારું ચોઘડિયું જોઇને શ્રીફળ વધેરીને વાહનોની અવર-જવર શરૂ

# ભરૂચથી દહેગામ-કીમ એક્સપ્રેસ-વે પર નાનાં વાહનો શરૂ કરી દેવાયા, સુરત ઝડપથી પહોંચી શકાશે

**પુનગામ** કટ બંધ કરી દેવામાં આવ્યો

(પ્રતિનિધિ) ભરૂચ,તા.10

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેના વડોદરા-મુંબઈ સેક્શનના પેકેજ-5 અંતર્ગત આવતા લગભગ 34 કિમીના અંતરે આવેલા દહેગામ-કીમ રોડ શનિવારે સાંજે 4.15 કલાકે ખુલ્લો મુકાયો છે.ઉતરાયણ પહેલા શનિવારે સારૂ ચોઘડિયું જોઈને દહેગામથી કીમ રોડ પર શ્રીફળ ફોડીને બંને બાજુએ ખુલ્લો મુકાતા નાના વાહનો ચાલુ કરી દીધા છે.

વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વેનો પેકેજ-5, જે કીમથી દહેગામ સુધીનો પટ આવરી લે છે, તેમાં કામગીરી સતત આગળ વધી રહી છે અને મહિનાના અંત સુધીમાં કાર્યરત થવાની અપેક્ષા હતી. દહેગામ-કીમ રોડ પર રિજિયોનલ હેડ સુનીલ યાદવ તા.8મી જાન્યુઆરીના રોજ આવીને સાઈડ વિઝિટ કરીને સેફ્ટીના મુદ્દે રોડ ચાલુ કરવામાં એક દિવસ વિલંબ રાખ્યો હતો.શનિવારે સાંજે 4.15 કલાકે દહેગામથી કીમનો રોડ તમામ તૈયારી બાદ ખુલ્લો મુકાયો છે.જે માટે શ્રીફળ વધેરીને અને મોઢું મીઠું કરાવીને ઓપનીંગ કરવામાં આવ્યું હતું. જોકે આ રોડ શરુ કરતા આખરે ઉપયોગી ગણાતો પુનગામ કટ બંધ કરી દેવામાં આવ્યો છે. સુત્રો દ્વારા પુનગામ પાસે એન્ટ્રી/એક્ઝીટ માટે જમીન સંપાદન કરીને અંકલેશ્વર-હાંસોટ રોડ સાથે જોઈન્ટ કરવામાં આવશે.હજુ જમીન સંપાદન થઈ નથી.જેને લઈને વાર લાગશે એમ જાણવા મળ્યું છે.



## પુનગામ એક્સપ્રેસ એપ્રોચ રોડ ફરીવાર બંધ થતા અકળાયા

અંકલેશ્વર નજીક પુનગામ પાસેથી એક્સપ્રેસ હાઇવે પર જવાનો એપ્રોચ રોડ ફરી એકવાર બંધ કરી દેવામાં આવતા અંકલેશ્વર હાંસોટ અને ઓલપાડ તાલુકા અને ત્રણ GIDC સાથે ખુલ્લી મજાક થઇ હોવાથી અકળાયા છે. મળતી માહિતી મુજબ, અંકલેશ્વર તાલુકા પોલીસે સ્થળ પર બંદોબસ્ત જાળવી રાખી એન.એચ.આઇ.એ. દ્વારા એપ્રોચ રોડની એન્ટ્રી ડિવાઈડર બેરીકેડ મૂકીને સંપૂર્ણ રીતે બંધ કરી દીધી છે. રોજિંદા આવન-જાવન માટે આ માર્ગ પર નિર્ભર રહેલા લોકો માટે આ નિર્ણય મુશ્કેલીરૂપ બન્યો છે.

હવે તસ્કરોને ભગવાનનો પણ ડર રહ્યો નથી

# તસ્કરોએ બે મંદિરને નિશાન બનાવ્યાં હનુમાનજીનુ ચાદીનું મુકુટ તથા મોઢુ ચોરી ગયો

**આનંદપુરાના** મંદિરમાં ચોરી કરવા લોકો જાગી જતા ચોર ભાગ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.10

હવે તસ્કરોને ભગવાનનો ડર પણ રહ્યો નથી કારણે તેઓ મંદિરોને નિશાન બનાવતા પણ ખચકાતા નથી. ત્યારે ચોરોએ શહેરના આનંદપુરા તથા એસએસજી હોસ્પિટલમા આવેલા બે મંદિરને નિશાન બનાવ્યાં હતા. જેમાં એસએસજીમાં હનુમાનજીનું ચાંદીનું મુકુટ તથા મોઢુ ચોરી ગયા હતા. આનંદપુરાના મંદિરમાં ચોરી કરવા જતા લોકો જાગી ગયા હતા. જેથી ચોર તેના બુટ, પર્સ અને મોબાઈલ મુકીને ભાગી ગયો હતો. રાવપુરા



પોલીસે ચોરોનું તસ્કરોનું પગેરુ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી ચોરી કરનાર સિકલીગરોની ગેંગ ઝડપાઇ તેમની સામે ગુજસીટોકનો ગુનો પણ દાખલ કરી જેલ ભેગી પણ કરી દેવામાં આવી છે તેમ છતાં હજુ પણ ચોરીના ઘટનાનો બંધ થવાનું નામ લેતુ નથી. ત્યારે 9 જાન્યુઆરીના રોજ તસ્કરોએ આનંદપુરા સરકારી પ્રેસની સામે તથા એસએસજી હોસ્પિટલમાં આવેલા બે મંદિરોને તસ્કરોએ નિશાન બનાવ્યા હતા. જેમાં તસ્કરો હનુમાનજીના મંદિરમાં ભગવાનનું મુકુટ તથા ચાદીનું મોઢુ ચોરી કરી તસ્કરો લઇ ગયાં હતા. ત્યારે એસએસજીના મંદિરમાં ચોરી કરવાનો માટે પ્રયાસ કર્યો હતો પરંતુ લોકો જાગી ગયા હતા. જેના કારણે ચોરી થતા રહી ગઇ હતી. જેથી ચોર તેના બુટ, પર્સ તથા મોબાઈલ મુકીને રફુચક્કર થઈ ગયો હતો. જેથી સ્થાનિક લોકોએ રાવપુરા પોલીસને જાણ કરતા પોલીસ તાત્કાલિક દોડી આવી હતી. સ્થાનિક લોકોએ ચોરનું પાકિટ, મોબાઈલ અને બુટ પોલીસને સોંપ્યા છે. જેથી પોલીસ તસ્કરોનું પગેરુ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

## ઠંડા પવનોને પગલે હાડ થીજવતી ઠંડી, તાપમાન 13.6 ડીગ્રી

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

ઉત્તર ભારતમાં થઈ રહેલી બરફ વર્ષાની અસર વડોદરામાં વર્તાઈ રહી છે. શહેરમાં ઠંડીએ જમાવટ કરી છે. રાત્રે અને સવારે તીવ્ર ઠંડીનો અનુભવ લોકોને થઈ રહ્યો છે. ત્યારે શનિવારે વડોદરા શહેરનું લઘુતમ તાપમાન 13.6 ડીગ્રી નોંધાયું હતું.

વડોદરામાં છેલ્લા કેટલાક દિવસથી લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળતા હાલમાં હાડ થીજવતી ઠંડી પડી રહી છે. શનિવારે વડોદરા શહેરમાં મહત્તમ તાપમાન 28 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 13.6 ડિગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 81% અને સાંજે 41% નોંધાયું હતું. આગામી બે દિવસ સુધી ઠંડીની તીવ્રતા યથાવત રહેવાની શક્યતા છે. ત્યારબાદ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રીનો વધારો થઈ શકે છે, વહેલી સવારે અને રાત્રિના સમયે ઠંડીનું જોર યથાવત રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

ભાયલીની પરીણીતા પર લગ્નના અઠવાડિયામાં શારીરિક માનસિક ત્રાસ આપતા પતિ અને સાસુ-સસરા

# ‘જો તુ પ્રોપટીં મારા નામે નહીં કરે તો તને જાનથી મારી નાખીશ’ પતિની પત્નીને ધમકી

**પરીણિતા** પાસેથી બેન્કી પાસબુક, ચેકબુક અને એટીએમ કાર્ડ પણ છીનવી લીધા

(પ્રતિનિધિ) વડોદરા તા.10

ભાયલી વિસ્તારમાં રહેતી પરીણીતાને લગ્નના અઠવાડિયા બાદ જ પતિ પોતપ્રકાશનું અને નાની નાની બાબતોમાં ઝઘડા કરવા સાથે મારઝૂડ કરતાં હતા. સાસુ અને સસરા ચઢામણી કરતા હોવાથી પતિ પત્નીને શારીરિક માનસિક ત્રાસ આપતો હતો. ઉપરાંત બે વર્ષથી પરીણીતાના પાસબુક, ચેકબુકતથા એટીએમ લઈ લીધા છે અને પગાર પડતાની સાથે પતિ તમામ રૂપિયા ઉપાડી લે છે. પતિએ પત્નીને ધમકી આપી હતી કે જો તારા નામની પ્રોપર્ટી મારા નામે નહી કરે તો હુ તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. જેથી આખરે કંટાળી ગયેલા પરીણીતાએ પતિ અને સાસુ સસરા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

મૂળ દિલ્હીના અને હાલમાં વડોદરા જિલ્લાના ભાયલી વિસ્તારમાં ઓવલી ફોર્ચ્યુન ગ્રીન્સ પાંચમે માળ રહેતા સીમાબેન દલાલે પોલીસ ફરિયાદ નોંધાવી છે કે મારા લગ્ન પ્રદિપ દલાલ સાથે થયા હતા. લગ્ન બાદ હુ પતિ તથા સસરા તથા સાસુ સંયુક્ત પરિવારમાં રહેવા માટે ગઈ હતી. ત્યારે લગ્નના એક અઠવાડીયા બાદ કોઈના કોઈ બહાને મારા ખોટા ખોટા વાંક કાઢીને મારી સાથે ઝઘડા કરતા હતા. ઉપરાંત તારા મા બાપે તને કોઈ સંસ્કાર આપ્યો નથી કે ઘરકામ કરવા માટે શીખવાડ્યુ નથી તેમ કહી શારીરિક માનસિક ત્રાસ આપતા હતા. સાસુ અને સસરા મારા પતિની ખોટી ખોટી ચઢાવણી કરતા હતા. જેથી પતી રોષ ભરાઈને મારી સાથે ઝઘડા કરતા હતા અને વારંવારની તેમની ચઢામણીથી કરતા હોય જેથી પતિ મારી સાથે વાત કરતા ન હતા અને ગાળો બોલી મારી મારઝુડ કરી શારીરિક માનસિક ત્રાસ આપતા હતા. લગ્ન થયા બાદ મારી બેન્કની પાસબુક તથા એટીએમ કાર્ડ તેમજ ચેકબુક પણ પતિએ લઈ લીધા હતા. મારો મહિના બાદ પગાર થતાની સાથે બધા પૈસા ઉપાડી લીધા હતા. છેલ્લા બે વર્ષથી પતિ અને સાસુ સસરાએ મારી બેન્કના પાસબુક તથા એટીએમ કાર્ડ તેમજ ચેકબુક લઇ લીધા છે. ઉપરાંત પતિએ તારા નામની પ્રોપર્ટી મારા નામે કરીદે તુ પ્રોપર્ટી મારા નામે નહી કરે તો હું તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપતો હતો. પોલીસે મહિલાની ફરિયાદના આધારે શારિરિક માનસીક ત્રાસ આપનાર પતિ તથા પત્ની ચઢાણી કરતા સાસુ સસરા વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

